આંક : – ૧૭

**– :: નમુનો – અ :: –**

GJSR070046812025

सत्यमेव जयते

==================================================

**પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટ, મુ. બારડોલી.**

==================================================

**ચુકાદાની તા. ૨૩/૦૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નં. ૩૭૩૨/૨૦૨૫**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| **ગુન્હાની કલમ** | નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઢ ૧૩૮ |
| **પ્રથમ માહિતી અહેવાલની નં.** | —— |
| **પોલીસ સ્ટેશન** | —— |
| **ફરિયાદ પક્ષ** | **શ્રી રામ ફાઈનાન્સ લિ: તર્ફે તના પાવરદાર પ્રજાપતિ પ્રિન્સકુમાર,** રહે. ૨/એ, બીજા માળે, ધી પાટીદાર જીન કોમ્પલેક્ષ, સરદાર આર્કેટની સામે, બારડોલી, તા. બારડોલી, જી. સુરત. |
| **ફરિયાદ પક્ષ તર્ફે વિ.વ.શ્રી** | કે.કે.પટેલ |
| **આરોપી પક્ષ** | **યોગેશ ઝીનીયાભાઈ ગામીત,** ઉ.આ.વ. ૩૫, ધંધો. નોકરી, રહે. બજાર ફળીયુ, ઉમરડા, ટપારવાડા સ્ટેશનની પાસે, સોનગઢ, તા. સોનગઢ, |

| | |
|---|---|
| **આરોપી તર્ફે વિ.વ.શ્રી** | જી. તાપી.<br>(કોઇ નહી) |

**– :: નમુનો – બ :: –**

| | |
|---|---|
| **ગુન્હાની તારીખ** | ૦૮/૧૦/૨૦૨૫ |
| **તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ** | ૧૭/૨૦/૨૦૨૬ |
| **પુરાવો શરૂ થયાની તારીખ** | ૧૭/૨૦/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૨૩/૦૭/૨૦૨૬ |
| **સજા હુકમની તારીખ ( લાગુ પડે તો )** | ૨૩/૦૭/૨૦૨૬ |

**– :: આરોપીની વિગત :: –**

| **ક્રમ** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન મુકત તારીખ** | **તહોમત** | **શું નિર્દોષ/દ ોષ** | **કરવામાં આવેલ સજા** | **સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | યોગેશ ઝીનીયાભાઇ ગામીત, | –– | –– | નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ | દોષી | એક માસની સજા | –– |

**– :: નમુનો – ક :: –**

**– :: સાહેદોનું લીસ્ટ :: –**

**અ. ફરિયાદપક્ષ તર્ફે સાહેદો :**

| **ક્રમ** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧. | ૦૪ | ફરિયાદી પ્રજાપતિ પ્રિન્સકુમાર | ફરિયાદી |

| | | | |
|---|---|---|---|
| | | નરેન્દ્રભાઈ નાઓનું સોગંદનામું | |

## – :: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ :: –

### અ. ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ લખી આપેલ ચેક | ૦૭ |
| ૨. | બેંક મારફતે મોકલેલ રીટર્ન મેમો | ૦૮ |
| ૩. | આરોપીને મોકલેલ નોટીસ | ૦૯ |
| ૪. | આરોપીને નોટીશ મોકલ્યાની પોષ્ટ ખાતા તરફથી આપવામાં આવેલ વિન્ડો સ્લીપ | ૧૦ |
| ૫. | ટ્રેકિંગ રીપોર્ટ | ૧૧ |
| ૬. | આરોપીનું લોન ખાતાનું સ્ટેટમેન્ટ | ૧૨ |
| ૭. | આરોપીએ ધિરાણ માટે કરેલ અરજી ફોર્મ | ૧૩ |
| ૮. | પાવર ઓફ એર્ટનની | ૧૪ |
| ૯. | ફરિયાદી કંપની રીઝવ બેંકનું રજીસ્ટ્રેશન પ્રમાણ પત્ર | ૧૫ |

### બ. બચાવ પક્ષ

| અનુ ક્રમ. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | –– | –– |

### ક. ન્યાયાકય પક્ષ

| અનુ ક્રમ. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | –– | –– |

### ડ. ભૌતિક પદાર્થ

| અનુક્રમ | આંક | ભૌતિક પદાર્થ |
|---|---|---|
| ૧ | –– | –– |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી શ્રી રામ સીટી યુનિયન ફાઇનાન્સ કંપની લિ. ધી કંપનીઝ એકટ ૧૯૫૬ ના કાયદા અન્વયે નોંધાયેલ કંપની છે અને સદરહું કંપની શ્રી રામ સીટી યુનિયન ફાઇનાન્સ લિ. કંપની માંથી ગર્વમેન્ટ ઓફ ઇન્ડિયાના મિનીટસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સ દ્વારા શ્રી રામ સીટી યુનિયન ફાઇનાન્સ કંપની લિ. વિગેરે કંપનીનું મર્જ થયા બાદ શ્રી રામ ફાઇનાન્સ લિ. તરીકે કામ કરે છે. જેનો રીઝવ બેંક ઓફ ઇન્ડિયાનો રજીસ્ટ્રેશન નં. ૦૭–૦૦૪૫૯ છે. ફરિયાદી જુદી જુદી સ્કીનો હેઠળ ઇન્વેસ્ટમેન્ટ લિઝ, હાયપોથીકેશન અને જુના તથા નવા કોર્મશીયલ તથા નોન કોર્મશીયલ વાહનો તથા બીઝનેશ લોન તથા જે વ્યકિતના ધંધા અનુસાર લગતી મશીનરી માટે ધિરાણ પુરુ પાડવાનો ધંધો કરતા આવેલ. આ કામના આરોપીને નાણાંકીય જરૂરીયાત ઉભી તથા આરોપીએ ફરિયાદી ફાઇનાન્સ કંપનીનો સંપર્ક કરેલ. આરોપીને નાણાંની જરૂરીયાત હોય તે માટે પર્સનલ લોન ધિરાણ અરજી કરેલી તેના આધારે પર્સનલ લોન ધિરાણ ખાતા નં. CDBLRPL2501080007 થી રૂ. ૩૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રીસ હજાર) પુરાનું ધિરાણ આપવામાં આવેલ. ફાઇનાન્સ કંપની નિયમોનુસાર આરોપી સદર ધિરાણ પેટે લીધેલ રકમની ભરપાઇ કરતા નથી. આરોપીએ ક્યારે પણ નિયમીત રીતે હપ્તાનાં નાણાં ચુકવ્યા નથી જેથી ફરિયાદીએ આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવેલ. જેથી આરોપીએ ફાઇનાન્સ કંપનીના અધિકારીને મળેલ અને કેટલી રકમ બાકી છે તેની માહિતી મેળવેલ. તા. ૦૮/૧૦/૨૦૨૫ ના રોજ ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓ બેંક લિ. ની બંદરપાડા, શાખાનો ચેક નં. ૪૦૦૦૦૧ નો રૂ. ૩૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રીસ હજાર પુરાનો) ચેક આરોપીએ ફરિયાદી કંપનીને આપેલ. આરોપીએ ફરિયાદી કંપનીને વિશ્વાસ અને ભરોસો આપેલ કે તમો ચેક બેંકમા જમા કરાવશો એટલે તમોને તમારા નાણાં મળી જશે.

જેથી ફરિયાદીએ ધી સુરત ડિસ્ટ્રીકટ કો.ઓ બેંક લિ. બંદરપાડા શાખાનો તા. ૦૮/૧૦/૨૦૨૫ ના રોજ ચેક નં. ૪૦૦૦૦૧ નો

રૂ.૩૦,૦૦૦/– પુરાનો ચેક વસુલાત માટે આઇ.સી.આઇ.સી.આઇ બેંક લિ; સ્ટેશન રોડ, બારડોલી શાખામાં જમા કારાવેલ પરંતુ સદરહુ ચેક આરોપીના ખાતામાં પુરતા નાણાં ન હોવાના કારણે " FUNDS INSUFFICENT " ના શેરા સાથે પરત થયેલ. જેની જાણ ફરિયાદીને તા. ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ થયેલી.

જેથી ફરિયાદીએ આરોપીનો ચેક કલીયર થયા વિના પરત થયેલી જેની જાણ કરેલી તથા ફરિયાદીને કંપનીને ખાત્રી થયેલ કે આરોપીની દાનત ચેકના નાણાં પરત કરવાની નથી જેથી તા. ૧૧/૧૧/૨૦૨૫ ના રોજ વકિલ મારફતે તમો આરોપીને રજી.પો.એ.ડી થી નોટીસ મોકલેલ જે નોટીસ બજી ગયેલ હોવા છતાં તમો આરોપીએ નોટીસનો જવાબ કે ચેકના નાણાં આપેલ નથી. જેથી આરોપી વિરુધ્ધ નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ મુજબની હાલની ફરીયાદ દાખલ કરવાની ફરજ પડેલ છે.

(૨) ફરિયાદીની ફરિયાદ અન્વયે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો બનતો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાતાં સદર ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે ફરિયાદ નોંધવાનો અને આ કામના આરોપી સામે સમન્સ ઈસ્યુ કરાવાનો હુકમ કરેલ. ત્યારબાદ આરોપીને કોર્ટ દ્વારા કાઠવામાં આવેલ સમન્સની બજવણી થતાં આ કામના આરોપી હાજર થયેલ અને તેઓની આંક– ૦૬ થી પ્લી નોંધવામાં આવેલ હતી જેમાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ હોય તથા સદર કેસનુ ટ્રાયલ સમન્સ ટ્રાયેબલ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજ્યા બાદ હાજર થતા આંક– ૦૬ થી પ્લી લીધા બાદ આરોપીને તે વખતો વખત મુદ્દત આપવા છતાં આરોપી કોર્ટમાં હાજર રહેલ નહી કે, ફરિયાદીની ઉલટ તપાસ લેવામાં આવેલ ન હોય જેથી તા. ૦૨/૦૬/૨૦૨૬ ના રોજ આરોપી તરફેની ઉલટ તપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક– ૧૬ થી વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ન હોય તે મતલબની કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ ત્યારબાદ સદરહુ કેસ એફ.એસ. માટે રાખવામાં આવેલ

હોય એફ.એસ.ના તબક્કે પણ આરોપી હાજર ન હોય તેમજ કોઈ મુદ્દત અરજી આપેલ ન હોય જેથી તા. ૧૭/૦૬/૨૦૨૬ ના રોજ આરોપીપક્ષનો એફ.એસ નો હક્ક પણ બંધ કરવામાં આવેલ છે.

**(૪)** ફરિયાદી દ્વારા રજૂ થયેલ પુરાવો વંચાણે લેતા એમજ ફરિયાદપક્ષની દલીલો ધ્યાને લેતાં આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>– :: મુદ્દઓ :: –</u>**

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પરે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ કાયદેસરની લેણી રકમની ચુકવણી પેટે તેઓની ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓ બેંક લિ; બંદરપાડ શાખાનો ચેક નં. ૪૦૦૦૦૧ નો રૂ. ૩૦,૦૦૦/– (અંકે રૂપીયા ત્રીસ હજાર) પુરાનો ચેક આપેલ જે ચેક ફરિયાદીએ તેઓની બેંકમાં કિલયરિંગ અર્થે રજુ કરતાં " FUNDS INSUFFICENT " શેરા સાથે વગર ચુકવણીએ પરત આવેલ જે અંગે ફરિયાદીએ તેઓને આર.પી.એ.ડી થી નોટીસ આપી ચેકવાળા લેણાની ઉઘરાણી કરતાં આરોપીએ લેણું સમયસર ચુકવી ન આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબની શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે?

(૨) શું હુકમ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો જણાવેલ કારણો સહીત નીચે મુજબ છે.

**<u>– :: નિર્ણયો :: –</u>**

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**– :: કારણો :: –**

**મુદા નં. ૧ અંગે : –**

**(૬)** આ કામે ફરિયાદી દવારા રજૂ કરવામાં આવેલ પુરાવાઓ તથા કરવામાં આવેલ દલીલોની ચર્ચા કરતા અગાઉ અને આરોપી સામેના આક્ષેપિત ગુનાની ઈન્સાફી કાર્યવાહીમાં આપવામાં આવેલ કારણોનો ઉલ્લેખ કરતા અગાઉ આ અદાલતના મંતવ્ય મુજબ ફરિયાદીએ તેની ફરિયાદના અનુસંધાને આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે સૌ પ્રથમ નીચે મુજબના તત્વો પુરવાર કરવા જોઈએ.

(૧) સૌ પ્રથમ તો ચેક કોઈપણ પ્રકારના કાયદેસરના દેવા અથવા જવાબદારી માટે લખાયેલો હોવો જોઈએ, તે હકીકત પુરવાર કરવી જોઈએ.

(૨) સદરહુ ચેક લખવામાં આવેલ, ચેક લખાયેલ તારીખથી ત્રણ મહિનાની અંદર બેન્ક સમક્ષ રજૂ થયેલાની હકીકત પુરવાર કરવી જોઈએ.

(૩) સદરહુ ચેક પરત ફરતાં, ચેક પરત ફર્યાની તારીખથી નિર્ધારીત સમયમર્યાદામાં તે અંગેની જાણ ચેક લખીઆપનારને નોટીસ આપી કરવી જોઈએ.

(૪) સદરહુ નોટીસ મળવા છતાં તેનું પાલન થયેલ નથી તે બાબતની ખાતરી ફરિયાદીએ અદાલતને કરાવવી જોઈએ.

**(૭)** ઉપરોકત બાબતો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ ઉપર છે અને ઉપરોકત હકીકતો એટલે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૮ની કરવામાં આવેલ જોગવાઈઓનું પાલન પુરવાર થયેથી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૯થી કરવામાં

આવેલી જોગવાઈઓ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, તેમ છતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૮ થી વિરૂધ્ધનો પુરાવો રજૂ કરવાની જવાબદારી તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૧૮ ના વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન) થી વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલી છે. જેથી આરોપી, વિરૂધ્ધનો પુરાવો જયાં સુધી રજૂ ન કરે એટલે કે ખંડનાત્મક પુરાવો રજૂ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધનું અનુમાન અદાલતે કરવું જોઈએ તેવી કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૯માં જણાવવામાં આવેલી જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે, ચેક કાયદેસરનો લેણાં અથવા જવાબદારી પેટે લખાવેલ છે તથા તે ચેક ખાતામાં પૂરતું ભંડોળ ન હોવાના કારણે કે ખાતું બંધ કરાવેલ હોવાના કારણે કે અન્ય કોઈ કારણોસર પરત ફરેલ છે તે તથા ચેક પરત ફર્યા બાદ નોટીસ આપવામાં આવેલી અને તે નોટીસ આરોપીને મળી ગયેલ છે તે બાબતનો પુરાવો અદાલતના રેકર્ડ પર રજૂ કરવાની જવાબદારી ફરિયાદીની છે, અને ફરિયાદી જયાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી આ અદાલત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબની ફરિયાદીની તરફેણમાં એટલે કે, ચેકની ધારણા માટેની તરફેણમાં અનુમાન કરી ન શકે અને જો ફરિયાદી એવું ઈચ્છતા હોય કે આ અદાલત ફરિયાદીની તરફેણમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૯ મુજબનું અનુમાન કરે તો ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કમલ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈઓ મુજબની હકીકતો પુરવાર કરવી જોઈએ.

(૮) વધુમાં, આ રીતે કરવામાં આવતાં કાયદાકીય અનુમાનોનું કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી, સદરહુ ચેક લખનારના શીરે રહે છે અને આરોપી દવારા માત્ર તે હકીકતોનો ઈન્કાર કર્યા માત્રથી જવાબદારીઓ તે બોજો ફરિયાદી ઉપર ખસી જતો નથી. આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટનો **" Hiten P. Dalal v/s. Bratindranath Banerjee" (2001) 6 SCC 16** ના ચુકાદામાં મહેરબાન સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,..... the words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted….

(૯) ઉપરોકત કાયદાકીય જોગવાઈ ધ્યાને રાખી આ કામે આંક-૦૪ થી ફરિયાદી પ્રજાપતિ પ્રિન્સકુમાર નરેન્દ્રભાઈનું સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે. આ કામના આરોપીને નાણાકીય જરૂરીયાત ઉભી થતા ફરિયાદીએ રૂ. ૩૦,૦૦૦/- (અંકે રૂપીયા ત્રીસ હજાર ) પુરાનુ ધિરાણ આપેલ. જે ધિરાણના નાણાં પરત લેવા માટે ફરિયાદીને આ કામના આરોપીએ આપેલ ચેક બેંકમાં રજૂ કરતાં " FUNDS INSUFFICENT " ના શેરાથી રીટર્ન થયેલ. વધુમાં, આ હકીકત સાબિત કરવા ફરિયાદપક્ષએ આંક - ૦૭ થી ૧૫ મુજબના દસ્તાવેજી પુરાવાઓને પોતાના અદાલત રૂબરૂના સોગંદ ઉપરના પુરાવામાં સંપૂર્ણપણે સમર્થન આપેલ છે જે તમામ દસ્તાવેજો જોતાં હાલના આરોપીએ ફરિયાદી પાસેથી પૈસા લીધેલાનું અને તે પેટે આરોપીએ આપેલ ચેક રીટર્ન થયાનું જણાય છે જેનું આરોપી તરફે કોઈ ખંડન કરવામાં આવેલ નથી. આરોપીપક્ષે ઉલટતપાસ કરવા આરોપી કે તેમના વિ.વ.શ્રી નામદાર અદાલતમાં હાજર નહીં રહેતાં ત્યારબાદ પણ આરોપીને

ઉલટતપાસ માટે પુરતી તકો આપવા છતાં આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ નહીં જેથી તેઓનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ.

(૧૦) આ કામે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતી વેળાએ " K Prakashan Vs. P.K. Surendram 2008 (1) SC P 258" માં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવો જરૂરી છે. જે મુજબ '' ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ'' એકટની કમલ-૧૩૯ અન્વયેનું અનુમાન ફરિયાદીના લાભમાં કરવા માટે સૌ પ્રથમ ફરિયાદીએ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૧૦૧ માં કરવામાં આવેલી જોગવાઈઓ મુજબના તત્વો પુરવાર કરવા જરૂરી છે અને આ સાબિતીનો બોજો સૌ પ્રથમ ફરિયાદપક્ષ ઉપર છે તે મહત્વનો સિધ્ધાંત ધ્યાને રાખી પડેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરતા સમયે અદાલતે એ હકીકત ધ્યાને લેવાની છે કે, ઉપરોકત અનુમાનનું ખં ડન કરવાની જવાબદારી અને બોજો આરોપી ઉપર છે અને તે માટે આરોપીએ પુરાવો રજૂ કરવો પડે અને ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન અનુમાનોનું ખંડન થાય છે તેવી શકયતા અને સંભાવના ઉભી કરવી પડે. ફરિયાદીએ જે પુરાવા રજૂ કર્યા છે તેનો આધાર રાખી એવી હકીકત સાબિત કરવી પડે.

(૧૧) આમ, અદાલતના રેકર્ડ ઉપર આવેલ ઉપરોકત પુરાવાઓ વંચાણે લેતાં, હાલના કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮(એ)(બી)તથા(સી) થી કરવામાં આવેલી જોગવાઇ કે જે સંપૂર્ણપણે આદેશાત્મક સ્વરૂપની જોગવાઇઓ છે તે પૈકી ફરિયાદીનું આરોપી પાસેનું લેણું કાયદેસરનું હોવાનું પુરવાર થતું હોય અને આરોપીએ ફરિયાદીને આપેલ ચેક " FUNDS INSUFFICENT " હોય તે પરત આવેલ ચેક બાબતે ફરિયાદીએ આરોપીને નિર્ધારીત સમય મર્યાદામાં નોટીસ આપેલ છે કે કેમ? તે સંદર્ભે રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ પૈકી સૌપ્રથમ આંક- ૦૭ થી રજુ થયેલ

ચેક વંચાણે લેતાં તે તા. ૦૮/૧૦/૨૦૨૫ ના રોજનો હોવાનું અને તે કલીયરીંગના હેતુસર ફરિયાદીએ પોતાની બેંક ખાતામાં જમા કરાવેલ હોવાનું અને તે આંક– ૦૮ ના રીર્ટન મેમા અન્વયે " FUNDS INSUFFICENT " એટલે કે ખાતામાં અપુરતા નાણાંના કારણે તા. ૧૪/૧૦/૨૦૨૫ ના રોજ રીર્તન મેમા સાથે પરત આવેલ હોવાનું જણાય આવે છે જે બાબતે આ કામે ફરિયાદી દ્વારા આંક– ૦૯ થી આરોપીને કાનુની નોટીસ પણ મોકલેલી હોવાનું જાણી શક્યા છે તથા આંક– ૧૦ થી આરોપીને આપેલ કાનુની નોટીસ પોસ્ટ કર્યાની સ્લીપ રજુ થયેલ છે જે નોટીસ આરોપીને બજી ગયેલ છે જેનો આંક– ૧૧ થી ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ રજૂ છે તથા આંક– ૧૨ થી આરોપીના લોન ખાતાનું સ્ટેટમેન્ટ તથા આંક– ૧૩ થી આરોપીએ લોન લેવા માટે કરેલ અરજી ફોર્મ તથા આંક– ૧૪ થી પાવર ઓફ એટર્નની તથા આંક– ૧૫ થી રજુ ફરિયાદી કંપનીના રીઝવ બેંકનું રજીસ્ટ્રેશનનું પ્રમાણ પત્ર રજુ કરેલ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈઓ સ્વરૂપની નોટીસ હોવાનું અને તે ચેક પરત થયા બાદથી એક માસની અંદર તે નોટીસ હોવાનું અને તે ચેક પરત થયા બાદથી એસ માસની અંદર તે નોટીસ આપેલ હોવાનું પણ જણાય આવે છે જે દસ્તાવેજ વંચાણે લેતાં તેમાં જે સરનામું દર્શાવેલ છે તે જ સરનામુ ફરિયાદીના કોઝ ટાઇટલમાં દર્શાવેલ છે હોવાનું અને તે જ સરનામે આરોપીને અદાલતના પ્રોસેસની બજવણી સારુ ગયેલ હોવાનું અને તે બજવણી થયેથી આરોપી હાજર થયેલ હોવાનું જણાઈ આવે છે. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપીને આપેલ નોટીસની બજવણી થયેલ હોવાનું આ અદાલતનું માનવું છે. આમ, આ કામના આરોપીને નોટીસ પ્રાપ્ત થયેલ હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવતું હોય આદેશાત્મક જોગવાઈઓનું પાલન થતું હોવાનું રેકર્ડ ઉપરથી જણાઈ આવે છે.

**(૧૨)** આમ, ક્રિ.પ્રો કોડની કલમ– ૩૦૯ ધ્યાને લેતાં જો સાક્ષી હાજર હોય અને આરોપી તરફે ઉલટતપાસ કરવામાં ન આવે તો ઉલટતપાસનો હક્ક બંધ કરવાની સત્તા અદાલતને પ્રાપ્ત થયેલ છે. હાલના કામમાં આરોપીને પુરતી તક આપવામાં આવેલ પરંતુ તેઓ ઉલટતપાસ

કરવા માટે હાજર રહેલ નહીં જેથી તેમનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

હવે,ધી નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ માં કરવામાં આવેલી જોગવાઇઓ મુજબ આરોપીને નોટીસ પ્રાપ્ત થયા બાદથી ૧૫ દિવસની કાયદેસરની સમયમર્યાદામાં આરોપીએ નોટીસની સુચનાનું પાલન કરવાનું હોય છે અને ૧૫ દિવસની કાયદેસરની સમયમર્યાદામાં આરિપી નોટીસનું પાલન ન કરે તો ત્યારબાદથી ૧ માસમાં ફરિયાદ દાખલ કરવાની થાય છે, આંક– ૧૧ થી રજૂ ઓનલાઇન ટ્રેકિંગ રીપોર્ટ જોતાં જણાઇ આવેલ છે. આમ, હાલની ફરિયાદ કાયદેસર રીતે દાખલ થયેલ હોવાનૂ જણાઇ આવેલ. વધુમાં, આરોપીએ નોટીસ બજેલ નથી તેમ સાબિત કરેલ નથી, કોઇ પુરાવો રજૂ કરેલ નથી અને આરોપીને અદાલતનો સમન્સ મળ્યાબાદ ફરિયાદીને રકમ આપવા માટે આરોપીએ કોઇ તજવીજ કરેલ નથી. જેથી આરોપી વિરૂદ્ધનું અનુમાન કરી શકાય. તેમજ આંક– ૦૯ વાળી નોટીસ આરોપીએ લેવાની ના પાડયા બાદ આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલ નહીં. આમ, તમામ હકીકતો વંચાણે લેતાં ફરિયાદીએ આંક– ૦૭ થી રજુ ચેક પરત કર્યા બદલની આંક– ૦૯ થી આરોપીને આપેલ નોટીસનો યોગ્ય અને કાયદેસર રીતે આપેલ હોવાનું સ્પષ્ટપણે જણાય આવતું હોય, હાલની ફરિયાદ દાખલ કરતાં અગાઉ આ કામના ફરિયાદીએ ધી નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ માં જણાવ્યા મુજબના તમામ આવશ્યક બાબતો પરીપુર્ણ કરેલ હોવાનું જણાઇ આવેલ.

(૧૩) આમ, અદાલતના રેકર્ડ પર આવેલ તમામ પુરાવાઓ વંચાણે લ ેતાં ફરિયાદવાળા ગુનાના કામે ધી નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮(એ)(બી) તથા (સી) માં કરવામાં આવેલી આદેશાત્મક જોગવાઈઓ પરીપૂર્ણ કરવામાં સફળતા મેળવેલ હોવાનું અને ધી નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ કાયદાકીય અનુમાન કે જે ખંડનાત્મક

પુરાવાને આધીન છે તે આ કામના ફરિયાદીની તરફેણમાં હોવાનું પુરવાર થાય છે. આ કામે ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવાઓનું આરોપી દવારા ખંડન કરેલ નથી. જેથી આ કામના આરોપીએ ફરિયાદીના તેના કાયદેસરના બાકી નીકળતા લેણાંની ચુકવણીના હેતુસર જે આંક- ૦૭ થી રજૂ ચેક ફરિયાદીને લખી આપેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થાય છે, તેમજ આરોપીએ ફરિયાદીને લખી આપેલ ચેક કલીયરીંગ માટે જમા કરાવતાં તે '' ફંડ ઈન્સફીશીયન્ટ'' પરત આવતાં તે બદલની નોટીસ આરોપીએ સ્વીકારેલ ન હોવાનું પણ રેકર્ડ ઉપરથી પુરવાર થતું હોય આ કામના ફરિયાદી આરોપી સામેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે તેમ ઠરાવી નિર્માણ કરવામાં આવેલ મુદ્દા નં.૧ નો જવાબ ''હકારમાં'' નિર્ણીત કરી, આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧ ૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

હવે, આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે તેને સજા અંગે સાંભળવામાં આવતા હોય પરંતુ તે અંગેના પ્રબંધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૨) અને ૨૩૫(૨) માં કરવામાં આવતા હોય છે, જયારે મારી સમક્ષના કેસની કાર્યવાહી એકટની કલમ-૧૪૩(૧) અન્વયે ક્રિ મીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૬૨ થી ૨૬૫ અન્વયે જે કલમ-૩૨૫, ૨૬૦ મુજબની કાર્યવાહી કરવાની હોય ત્યારે કાનૂન અનુસાર સજા કરવાની હોય છે જેથી કલમ-૨૫૫(૨) માં આરોપીને સજા અંગે સાંભળવાની જોગવાઈ કરવામાં આવેલ નથી, જેથી આરોપીને સજા અંગે સાંભળવાની જરૂરીયાત રહેતી નથી પરંતુ આરોપીને સારી વર્તણૂંકના અજમાયશ કે ઠપકો આપીને મુકત કરવાનું યોગ્ય છે કે કેમ? તે નકકી કરવાનું રહે છે. સદર એકટમાં સને ૧૯૮૮માં સુધારો કરી પ્રકરણ-૧૮માં કલમ-૧૩૮ થી ૧૪૨ ની

જોગવાઈ કરેલ છે, ત્યારબાદ સને–૨૦૦૨માં સદર કાયદામાં સુધારો કરી કાયદાની પકડ મજબુત કરવામાં આવેલ છે. સદર એકટનો ઉદેશ ઝડપથી બદલાતા વ્યાપારીક અને ધંધાકીય પરિવેશમાં નાણાના આદાન પ્રદાનનો છે. વ્યવહારમાં વિશ્વાસ અને ધંધામાં આસ્થા રહે તે માટેનો છે જેથી તેનો ગેરલાભ અને ગેરઉપયોગ થતાં અટકાવવા માટે પગલા લેવાની અદાલતની ફરજ છે. જેથી ચેકથી થતા વ્યવહારને સુરક્ષિત બનાવી શકાય. વધુમાં, સદર ગુનો ઈકોનોમીક ગુનો હોય આવા ઈકોનોમીક ગુનાઓ પણ અદાલત હળવાશથી લઈ શકે નહીં અને તેવા સંજોગોમાં સદર કામમાં આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ દોષિત ઠરાવવામાં આવે છે.

વધુમાં, **સંદિપ મિત્તલ વિ. પ્રદીપ મિત્તલ ૨૦૦૯ (૧) ડી.સી.આર. પાના નં. ૭૩૧** ઉપરની નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટે ઠરાવેલ છે કે, જયારે આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠરાવી સાદી કેદની સજા કરવામાં આવે અને સજામાં દંડ ન કરેલ હોય તો દંડ સજાનો ભાગ ન હોઈ ત્યારે ચેકની ડબલ રકમ સુધીનું વળતર ફરિયાદીને અપાવવાનો હુકમ કરી શકાય.

ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મુદ્દા નં.–૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>– :; હુકમ :: –</u>**

૧. આ કામના તકસીરવાન યોગેશ ઝીનીયાભાઈ ગામીત, રહે. બજાર ફળીયુ, ઉમરડા, ટપારવાડા સ્ટેશનની પાસે, સોનગઢ, તા. સોનગઢ, જી. તાપી નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુના બદલ એક માસની સાદી કેદની સજા

ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ– ૩૫૭(૩) અનુસાર, ફરિયાદી પ્રજાપતિ પ્રિન્સકુમાર નરેન્દ્રભાઇને વળતર પેટે ચેકની રકમ રૂ. ૩૦,૦૦૦/– ( અંકે રૂપીયા ત્રીસ હજાર પુરા) ચુકવી આપવાનો આરોપીને હુકમ કરવામાં આવે છે અને જો તે રકમ ચુકવવામાં ન આવે તો વધુ ૧૦ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના આરોપી યોગેશ ઝીનીયાભાઇ ગામીત, રહે. બજાર ફળીયુ, ઉમરડા, ટપારવાડા સ્ટેશનની પાસે, સોનગઢ, તા. સોનગઢ, જી. તાપી નાઓ આજરોજ અદાલતમાં હાજર રહેલા ન હોય અને તેઓની ગેરહાજરી અંગે કોઇ કારણ આરોપી તરફે રજુ થયેલ ન હોય,આરોપી વિરૂદ્ધ સજાનું વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ ચુકાદાની એક નકલ આરોપીને પૂરી પાડવાના હેતુથી સજાના વોરંટ સાથે સદર ચુકાદાની એક નકલ સામેલ રાખવી અને આરોપી સજાનુ વોરંટની બજવણી થયેથી આ ચુકાદાની નકલ બજવણી અધિકારીએ પુરી પાડવી.

૫. જો આરોપી દ્વારા જામીનખત આપવામાં આવેલ હોય તો આથી રદ્દ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૩ મી. માહે. જુલાઇ, સને. ૨૦૨૬ ના રોજ
ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ:–૨૩/૦૭/૨૦૨૬
સ્થળ :–બારડોલી

(ડૉ. અભિનવ મુદગલ)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડીશ્નલ ચીફ જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ,
બારડોલી, સુરત (UID:- GJ01332)